નાટકનો ટુંક સાર. ૬૧૫૯

પેહેલા અંકમાં લંકા દેશમાં મિર્ઝાસિંહ રાજા મોટા છોકરા મોહનને ગાદી આપી સ્વરગવાશ થાય છે. મોહન કુછંદમાં પડે છે ને નાનાભાઈ ચંદ્રને પ્રીતમાં ફસાવે છે. પણ ચંદ્ર તે ફીટકારે છે. તેથી ઝેર પાયાનું ખોટું આળ દઈ ચંદ્રને દેશનીકાલ કરે છે જંગલમાં અબધુત રાક્ષસ મલે છે તે ચંદ્રને ભુખથી મરતાં બચાવે છે ને આફતે સાહ્ય થવા તાળ આપી જાય છે.

બીજા અંકમાં ધોળકશાના પુત્ર કુછંદીને પ્રેમરાય ગુમાસ્તો કુછંદ લગાડે છે, અને આપસ્વાર્થી શેઠને ખોટ આપાવે છે જેથી શેઠનાં ઘરબાર જાય છે. જંગલમાં લુટારા શેઠની સ્ત્રીને લઈ જાય છે, તેના પર સરદાર જુલમ કરે છે એ લુટારામાં ચંદ્ર પણ હતો તે ચોકીદારોને મારી છોડવી બેન ગણી પુરૂષનાં વેશમાં લઈ જાય છે. રસ્તામાં લુટારાઓ મલેછે. ચંદ્ર સોનાની વીંટી આપી છટકે છે રણમાં ધોળકશાની સ્ત્રી તરસે બેભાન થાય છે જયાં ધોળકશા પણ છોકરાં સહીત બેભાન પડેલો છે. ચંદ્ર રાક્ષશને બોલાવે છે ને તૃષા મટાડે છે ને ધોળકશાનો સ્ત્રી સાથે મેલાપ થાય છે. પેલો લુટારો ગુલબરને ત્યાં વીંટી વેચે છે. વીંટીમાં છબી જોઈ ગુલબર આશક થાય છે. ધોળકશાનું કુટુંબ કેદ થાય છે. ચંદ્ર ગુલબરને રાક્ષસની જડીથી છુતી બંધાને છોડવે છે ચંદ્ર જોડે ગુલબર પરણે છે તેજ દેશનો રાજા સંતાન વગર મરી જવાથી ચંદ્ર શેહેરમાં પહેલો જતાં રાજા થાય છે.

ત્રીજા અંકમાં મોહનની બદચાલથી અને રઈયત પર ભા-
રે કર નાખ્યાથી પ્રજાએ પ્રજાસત્તાક રાજ્ય સ્થાપી તેને કાઢી-
મુકયો. મોહન છેવટે ચંદ્રના રાજમાં એક ડોશીને ત્યાં રહ્યો
મોહનની ગર્ભવંતી સ્ત્રીને સત્યસિંહ નામે પુત્ર થયો. એજ દેશ
માં એક સત્યવંતી સ્ત્રી નદીએ નાહાવા જતી હતી તેની પાછળ
એક મીઆં બદ નજરથી લાગ્યો તે હાથે ન ચઢ્યાથી પોતા સા-
થે વટલી એમ રાજા ચંદ્રકને ફરીઆદ કરી. ચંદ્રે તેણીને તેની
સાથે પરણવા હુકમ કર્યો, જેથી તે છરી વડે મરતી હતી પણ સ-
ત્યસિંહે થોભાવી રાજ કચેરીમાં ફરી કેશ ચલાવી તેણીને નિ-
દોશ ઠેરવી મીઆંને શીક્ષા કરાવી. તેણી સત્યસિંહ જોડે પરણે છે
પછી મોહન અને ચંદ્રની ઓળખાણ થાય છે ને ચંદ્રને પુત્ર
ન હોવાથી સત્યસિંહને ગાદી આપે છે ને પોતે પ્રભુ સ્મરણ લે છે.

ક૧૭૯

મોહન ચંદ્ર.

અંક પહેલો

૧.

સુત્રધાર—

પાએ પડી પ્રભુ પ્રેમે વંદુ; સાહાય કરજે એ દિનબંધુ.
અંજનના દાતા ઉદરના ભરતા; છઇએ આભારી તારા દુઃખ હરતા.
નાટ્ય કળા રચ્યું હરી તુજ પ્રેમે; ભજવવા હરી આપો હામ રે હેમે
નિર્વિઘ્ને પ્રભુ પાર ઊતારો; હસ્ત જોડી વંદુ દાસ હું તાહેરો.

૨.

કોકિલા

ધરી શીરપર સુંદર તાજ પ્યારાભાઈ તખ્તે બિરાજોરી.

સુર્યસિંહ—

સુતભલે તખ્તે બિરાજોરી,

ચંદ્ર—

ભાઇ ભલે તખ્તે બિરાજોરી,

આખી દરબાર—

કુંવર ભલે તખ્તે બિરાજોરી,
સારી સારી કીર્તી વધારોરી.—ધરી.

કાંતા—

અર્પુ તારે ગળે પુષ્પની માળ,
જેથી થાય અલાબલાનો કાળ,

ધિર્યસિંહ—

ધરો કરે કટાર ખંજર ઢાળ,

આખીદરબાર—

કુંવરજી થાઓ પ્રજા પ્રતિપાળ,—ધરી.

૩.

આખીદરબાર—

ધન્ય ધન્ય (૨) દીવસને ધન્ય ઘડીછે આજે, (૨)
કુંવર મોહનજી તખ્તે ભલે બિરાજે.—ધન્ય.
જયો ધર્યો (૨) કુંવરમોહનજીએ શરપર તાજ; (૨)
દિવાળીનો ઉત્સવ ગણ્યો સહુએ આજ,—ધન્ય.
ધનધનાક (૩) તાકડધીંગ તનાક નોબત બાજે; (૨)
જય જય જય જય જય તણો ઘોર બહુ ગાજે.—ધન્ય.

૪.

ગુણકાઓ—

મંદીરવા બાજન લાગીલો; આજ મોરે ઘર આનંદ બધાઈ.—
મન ઉમંગ ઉમંગ ઉલસાઈલો,શ્યામ સુંદર રંગ મુરત આઈલો;
…ની સભા મીલ મંગળ ગાઈલો, તકધીલાંમત કધીલા,
મીરુટ મરદંગ બાજત નીરતકારી, નીરતકારી—મંદીરવા.

૫.

મોહન—

શી મીઠી છે આ દારૂડી પીઓ ભ્રાંતુરી.

ચંદ્ર—

હટો હટો દુર દુર

મોહન—

વધશે એથી નુર;

બળમાં થાશો એથી પુર, વળી છે મધુર;

એ પીધે આવેછે શુર, જો હોએ અશુર,

ચંદ્ર

આપ છો ઘણા ચતુર, માફી દયો હજુર.—શી.

મોહન—

આ પીધેથી એટલો ગુણ, આંખે આવે લેહેર;

ચંદ્ર—

સાહેબજી માફ કીજે, મુજપર લાવી મેહેર;

એ પીઇયે તેનાં કરતાં, પીવું સારૂં ઝેહેર;

જો હઠ હવે લેશો તો, છાંડીશ આ શેહેર.—શી.

૬.

મોહન—

જો પીએ શરાબ, ઉસકા બાપદાદા અશરાબ.

જો પીએ શરાબ, ઉસકા ખાના ખરાબ.

૭.

ચંદ્ર
છાડો છોડો, માનીન છોડો નઠારી ટેવો;
પસ્તાવો પછીથી લેશો.—છોડો—
આપણને એવું નહીં છાજે; એવું કુળ આપણું લાજે;
હું કહું છું સારા કાજે, મુકો ખોટી પ્રીત, નહીં સારી રીત,
નહીં કરો જીત, દારૂ નહીં સેવો.—પસ્તાવો—
રાજ્યવંશી હોય નર જેહ; તેનો શુદ્ધ જોઈએ દેહ;
નહીં જોઇએ તેમને એહ; તેઓ કહેવાય કુળના પાપ
સુણજો આપ, થાએ પરિતાપ, કુસંગ ના સેવો—પસ્તા.

૮.

મોહન—
આ ચંડાળ, આ નીઠુર;
આ કમજાત, જા તું દુર;
દુર દુર થા તું દુર, બન્યો છે અત્યંત ક્રુર;
દુર થા નીમક હરામ, વીચાર કીધો લેવા પ્રાણ;
ઝેર દઇ લેવા જાન, નીમકહરામ, મગરૂર.

૯

ચંદ્ર
આ શો કોપ અચાનક કરોછો, ભ્રાંતા વિચારીશું;
એ શું બોલો છો વડીલ વીર;
ઝેર પાવામેં શું તમને, એ બોલોછો શું.—

મોહન—જાજા ડાયો ન થા, સાંભળ કહેછે શું આ,
રસોઇઓ—અલબત કહ્યું ઝેર પા,
ચંદ—ખોટું ખોટું ન ગા.—ઝેર.
મોહન—આઝી ટકટક ન કર,
ચંદ—ખોટું હૃદયે ન ધર, આ શું દુઃખ મુજપર,
સાહાય થા ઈશ્વર.—ઝેર.
નથી વાત ખરી, અલી કેમ ફરી,
ધારો હૈયે જરી. હુંછું રાંક હરી.—ઝેર.

૧૦.

મોહન—

દુર અહીંથી થા તું દુષ્ટ. ગુણ ન ખોટા ગા;
તુજને જાણુંછું હું જાતે. દુર અહીંથી થા—દુર;
લવરિ આઝી શીદ કરેછે, ડા'પણ તારૂં ડાટ;
શાંતુ નથી છું રીપુ મારો, નીકળ જલદી બાહાર.—દુર.
સ્વાર્થની સગાઈ તારી, જાણું તુને સુજાણ;
એમાં ડા'પણ નોહોતું તારૂં, લેવા મારો પ્રાણ.—દુર.

૧૧.

ચંદ—

મારા હાલ થયા શા હાલ, નથી આવતો મારો કા-આ-ળ-મારા
રાજ મેહેલનો, રેહનારો તે, આવ્યો છે આ ઠામ;

નથી દાસ દાસીનું નામ, નથીકંઈ ધામ, અરેરામ રા-આમ-મારા
છું હું નિર્દોશી તથાપી ક્રુરે, વ્રથા ચઢાવી આળ;
મને કીધો દેશનીકાલ, છોડીને વાહાલ, ઉઠી જેથી આઆ-ળ-મારા
હાએ પ્રભુજી વાએ પ્રભુજીઆ, કેમ ગમી તુને વાત;
કેમ જશે દીવશ ને રાત, થાય ઉત્પાત, આપી દે ઘા-આ-ત-મારા.

૧૨.

અંદ —

મદદકર મદદકર, મદદ કર હરી;
ભયંકર ભુમ છે, કોહોની વરી—મદદ.
વરૂ વાઘની અતીછે અહીં ધુમ;
સર્વે વનચર પ્રાણીડાં પાડે છે બુમ—મદદ.
તૃષા ક્ષુધાએ વળી કીધો દુ:ખી;
હવે મૃત્યુ દે જેથી બનું સુખી—મદદ.
તુને માત્રેછે પ્રભુ તુંહી આશરા;
ધીરજ ધર (૨) બન મત ગાભરા—મદદ.

૧૩

રાક્ષસ —

ધર ધીરજ તુ ધર, ધર ધીરજ તું ધર;
સાહાય તુને પ્રભુ થશે ધર ધીરજ તુ ધર ધર.
ના ડર વૃતાંત કર, ના ડર વૃતાંત કર;
બનતી મદદ હું કરીશ નામ પ્રભુનું ધર ધર.

१४

ચંદ્ર —

વૃતાંત મારૂં સાંભળો સાહેબ કહું શું હું તમને;
લંકા દેશ છે શેહેરજ મારૂં હાલમાં છું વને.
મહારાજા શ્રી ધિર્યસિંહનો હું છું નાનો સુત;
મુજથી મોટો વળી એક છે, મોહન નામે પુત.
રાજય સોંપ્યુ પીતાજીએ, મોહનભાઇને,
મૃત્યુએ આવી હુમલો કીધો, એકદમ ધાકને,
મોહનભાઇએ શરૂ કીધું, વ્યભિચારીનુ પાન.
કુમિત્રોની કુસોબતથી, ગુણકામાં ગુલતાન.
સુ સંગતની શીખો દેતાં, મને કાઢયો રામ,
એવું આળ ચઢાવી ખોટું, દીધું ઝેરનું જામ.
રખડતો ભટકતો આવ્યો બ.ચ જંગલ આ ઠામ,
એટલે મળ્યા આપ સાહેબજી ચદ્ર મારૂં નામ.

१५.

ચંદ્ર—

જય જય, જય જય, જયજય જગદેવ. (3)
સાહ્ય થતો રહે, હું છું બાલ્ય તારો દેવ, (२)
સાહ્યરે—ઝાલરે—બાંહ્યરે, કાઢરે-પારરે-તારરે,
છુ હું તારે શરણે દે।.—જય.

અંક બીજો.

૧.

પ્રેમરાય—

તમે ચાલો ચાલો ચાલો સાહેબ, ચાલો મોરી સંગ,
પડશે રંગ પીને ભંગ, કરશું ઢંગ મોરી સંગ—તમે.

કુછંદીદાસ—

આપા જાણે આખી નાંખે, કકડે કકડા કરી નાંખે,

પ્રેમરાય—

કરવું નર મઝા શું ચાખે, રખે કોઈ તમને નહીં લાખે,
એક વખતનો જુગો આવી, અસલ ચમનની સેહેલ.
દુનિઆમાં પણ ફેરી ફેરી, શોખ મઝા છે રેહેલ.—તમે.

કુછંદીદાસ—

ચાલો ત્યારે ચાલોરે, જલદી જલદી ચાલોરે,
હાલો હાલો જલદી કારણ વખત જાએ ઠાલોરે,
ઊડાવશું ત્યાં મોજ શોખ, જલદી જઈ,
ઊડાવશું ચેન, કરીને ઘેન,

પ્રેમરાય—

ચાલો ત્યારે ભાઈ.—તમે.

ઘોળકશા — ૨.

ધન ખોયુ રે, થયા ભીખારીના હાલ. (૩)

મોકાણ મોટી, દફતરમાં છે (૨) દફતરમાંછે, દફતરમાં—થયા.

કુછંદી ભાઈની, મોજ મઝામાં, કાંઈક થઈતી હાય પાયમાલ (૨)

હાય પાય માલ (૨)—થયા—ધન—

ગુમાસ્તાએ કીધી ડાગા ડોળી, વેપારની નંખાવી હાયજાળ (૨)

નખાવી હાયજાળ (૨)—થયા—ધન—

હાય ઇશ્વરરે, વાય ઇશ્વરરે, ધન વિના હું થયો મુડદાલ (૨)

થયો મુડદાલ (૨)—થયા—ધન——

વાહ પ્રેમ રાએ, ઠીક કીધી તેં પ્રથમથી કેમ આપી ન ભાળ (૨)

આપી ન ભાળ (૨)—થયા—ધન—

પ્રેમરાય—

એમાં નથી કાંઇ, દોરા માહેરો, નાહક શું કામ ચઢાવો આળ (૨)

ચઢાવો આળ (૨)—થયા—ધન—

ઘોળકશા—

આવી આફતથી, થયો હું ગાંડો, નાહક જાૂઠી ટકટક ટાળ (૨)

ટકટક ટાળ (૨)—થયા—ધન—

૩.

ઘોળકશાનું કુટુંબ—

હાએ ઇશ્વર, વાએ ઇશ્વર. (૨)

શું કીધાં પાપ હમે પુર્વે ભારી, કીધા જુલમ હમોપર કારી—હા-

ધોળકશાની સ્ત્રી—

ઘરબારથી અલગાં કીધાં, ઘરખટલાંને જપ્તીમાં લીધાં-હાં-

કુચ્છીદોહાશ--

માતાજી શોક તજોને, ઈશ્વરનું નામ ભજોને—હા—

ધોળકશાની સ્ત્રી—

સારી ધીરજ બેટા તું આપે, દુઃખે દાવાનળ દીલ વ્યાપે. હા-

૪.

ધોળકશાની સ્ત્રી—

આફત શી હાયે, પડી દઈ લાયે,
અરે દીનાનાથ. પ્રભુજી સા'યે.—આફત.
પ્રાણ પીયુથી, કીધી મને જુદી,
જેથી બળે છે, તનડું હાયે.—આફત.
હશે કયાં રઝળતાં બાળકો પ્યારાં,
ચીંતાથી ચિત્ત, બળી બળી જાયે.—આફત.
વળી કુંગ આ જુલમ કરે છે,
મરવું ઘટીત જો સત્ય ના જળવાયે.—આફત.

ધોળકશાની સ્ત્રી— ૫.

પાણી વીના તો તરસે મારો કંઠ ગયોરે—ટેક.

સુણો તુમે ભાઈરે, અંતરજામીરે, લાગી ભુખ વળી કડકડતી, આ શી દશા થઈ હડહડતી, મને સુજ નથી કંઈ પડતી, તરસે જાન ગયોરે—પાણી.

હરી વીનતી સુણોરે, અર્જ દીલમાં ધરોરે. હું શર્ણે આવીતારે.
તું ધાની અબળા વારે, મેહેર કરી મારૂ ભારે હરી કષ્ટ લહોરે.
—માણી.

ચંદ—
સુણો બેન શાણીરે, ધીર ધરો સારીરે, જોઇ હ્રદય બળે છે મારૂં,
ઇશ્વર કરશે સૌ સારૂં, પ્રભુ ધ્યાન ધરૂં છું તારૂં. આપ સુખ
આરોરે—માણી.

૬.

ધોળકશાની સ્ત્રી—
મળ્યા પીયુ થઇ આનંદકારી,
ધોળકશા—મીયા સહ્યું હશે બહુ દુઃખભારી.
ધોળકશાની સ્ત્રી—કીધી છે મને એમને આભારી,
ધોળકશા—કરીએ શાંત અાંતરડી ઠારી.
છોકરાં—માતુશ્રી તમ પાએ લાગું;
ધોળકશાની સ્ત્રી—બહુ જીવો બેટા એમ હું માગું.
ધોળકશાનું કુટુંબ—ધન્ય ચંદ્રભાઇ, તૃષા મીટાઇ; (૨)
ધોળકશાની સ્ત્રી—મેળવા પતી,
ચંદ————છે ઇશ ગતી, (૨)
બધા————જયજય બોલો એશાન માની પ્રભુનો.

૭.

સુત્રધાર—
આવો આવો, સાહેબો આવો અહીંઆ, પધારો મારે ઘેર;(૨)
કરો આરામ, પધારી સાહેબ અત્રે, મુજપર લાવી મે'ર.—
કદમ આવ્યા તુમ્હારા જનોના: થઇ છે લીલા લેહેર (૨)
કૃપા કરીને, કહેશો સાહેબ, કહું તમારૂં શેહેર.——આવો

૮

સુત્રધાર—
લાગે વાડી પ્યારી મુજને, મોરે મન ભાવી. ટેક.
મોરે મનને ભાવી છબી, મોરે મનને ભાવી——લાગે.
હે-તે--દકિ-હું-ચુંબન-એ-ને (૨)
લાગે મુજને ઘણી પ્યારી, ઘડીએ ઘડીએ જાઉં વારી
એ સુંદર નેનો હારી, તેથી થાય આનંદકારી. વાહ-વાહ-
વાહ-વાહ—લાગે.

૯

સુત્રધાર—
દાસી ઝટ જઇ તેડી લાવોરે. મારૂં મનડું મુઝાય—ઝટ.
જલદી જાઓરે, (૨) હું થઇ છું બહુ આતુર; (૨)
દાસીઓ—
હુકમ જેવોરે (૪) મારૂં—ઝટ.
ફરજ આપની, (૨) બજાવી હમો આવીએ; (૨)

ગુલબાર—
ઝટ જાઓરે, ફૂટ આવોરે (૨)—મારૂં—ઝટ.

ગુલબાર— ૧૦

અરે મારી, અરર આરી, દશા, આઃહાઃ
થશે મારો, સુખ ન્યારો, દશા, આઃહાઃ
જશેરે દોલત, થશે શી હાલત, દશા, આઃહાઃ
થવું પડશે, તાબે મારે, દશા, આઃહાઃ

૧૧

દાશીઓ—
બેની બકો છો શું નીદમાં તમો, આશું થયું છે હરહરહર

ગુલબાર—લુટજા—ધુટજા—

દાશીઓ—
ઉઠજા—સુદ્ધ લા—આ શું થયું છે. હરહરહર,
ઉઠો બેની સાવધ થઇને, ઉંઘમાં કરો શું બકબકબક
લુટજા—ધુટજા—એશું આ—બોલો બા—આશું
નાહક ગાંડા કાઢો છો શીદને. ઉઠોની હમ બેની ઝટ;
છાંડી બક—ઉઠો ફટ— કરો ઝટ—લો સુદ્ધ પટ—આશું

ગુલબાર— ૧૨

તાબે છું (૨) તાબે છું તાબે છું તાબે છું સાહેબ;
માફ કરો મારી તકસીર—તાબે છું
મેહેર કરી મુજ દાશી ઉપર, બંધ કીધેલા ચક્ષુ ખોલો. મા.
આટલો શીદ કોપ કીધો છે, દયા બક્ષી આપો ડોળો. મા.

૧૩

ગુલબર—

સાહેબ ગુનો માફ કરોનીરે, (૨) આજથી દાસી થઈ હું તમારી,
બળી બળી થાઉં છું આ પ્રાણજ જાએ; સુનો સુનો —
સુનો પ્રાણ, દીલોજાન, દીલોજાન; માફ કરોનીરે—સાહેબ.
મેહેર કરો કંઇ દાસી ઉપર, વારી જાઉં હું પ્યારા તમપર;
કોલ આપું છું થઇ તાબે તારે, અર્જ ધર, દીલપર,
માફ કર, દીલબર, સુનો સુનો—માફ—સાહેબ.

૧૪

ગુલબર—

પ્રીતમ તોરે પાએ લાગું, અર્જ દીલ ધર—ટેક.
આટલી અરજ મોરી સુનાલે પ્યારા મારા,
ચક્ષુના તારા, અર્જ હૈયે તોરે ધર.—તોરે પાએ
પરણો મારી સાથે પ્યારા, આંખો તારા દીલો પ્યારા,
વીનતી કરૂં સો દીલ ધરો, તુમે મોરે પ્યારા,
થઈશ દાસી દીલો તારી કર ઉમેદપુરી મારી
કીધી છે મુને આભારી, વીનતી દીલધર—તોરે પાએ

૧૫

દાશીઓ—

ગણો સાહેલીઓ, આજે દીવાળી દીન—ગણો
બેની ગુલબર પ્યારીનો છે, લગન તણો દીન આજ.
સુંદર પ્યારા પ્રીતમ સાથે, જોડુ મળે તે કાજ—દીવાળી
લક્ષ્મી વીજળી સમ જોડી શોભે, નથી ખામી કંઈ નામ;
અક્ષત પુષ્પે વધાવો પ્રેમે, અતિ દીપે આ ધામ.—દીવા.

સરવે કેદીઓ— ૧૬

પ્રભુ તમારૂં ભલું કરો, અમે સાહેબજી શીરતાજ:
શીરતાજ—કરો રાજ— થઇ માહારાજ; કીધો ઘણો ઉપકાર—
છુટા કીધા છે દુ:ખથી હમને, માન્યે ઘણો ઉપકાર, સાહેબજી
આપે આવીને તાબે કરીને, કીધો હમારો ઉદગાર;
નમીએ, તમને, પ્રણમીએ, હરીને; જેને મોકલો છુટકો કર્તા.
હમારો શીરનો તાજ. પ્રભુ.

આખો દરબાર— ૧૭

થઇ છે ખુસાલી આણંદની હેલી—ટેક.
સત્યનો હંમેસ જય છે, પાપનો હંમેશ ક્ષય છે;
સત્યમેવ જયતે———આંણદની હેલી.
ધરી અંગે ઉલટ ઉમંગ, બજાવો મૃદંગચંદ--સત્ય.
જય જય શ્રી રંગ, સરરરલો ઉમંગ—સત્ય.

અંક ત્રીજો.

રૈયતજનો— ૧.

અત્યંત જુલ્મ થાય છે, આ રાજ્યમાં.—ટેક
ભારેકર, કટકાસડ ક્રુરથી મરાય; હાય-હાય—
કેમ કરી રે'વાય, અત્યંત જુલ્મ થાય, નહીં નહી રે'વાય—
હાય-હાય-
રાજ પીતા થયા પીટ્યા; સ્ત્રીઓથી કે'વાય; હાય-હાય-
સત્ય ના જળવાય; અત્યંત જુલ્મ થાય, નહીં નહી રે'વાય-
હાય—હય-

૨.

મોહન—

હાએ મેં કીધું, અરે બહુ ખોટું; અરે હાય હાએ હાએ. ટેક.
જુઠું આળ ભાઈને ચઢાંવ્યું, રાજ્ય સુખ વળી ખોયું—કીધું.
સુધર્મી આખર તરશે આગળ કુછંદ કરશેજ ઉંધુ-કીધું.
માટે રાજનો ભારી કર નવ લેસો, જુલમ રૈયતને નદેવુ-કીધું.

મોહનની સ્ત્રી-- ૩.

આહા ઈશની, ગતીછે કેવી, કદી ન કળાય—ટેક.
પલમાં રાયને રંક બનાવે, પલમાં રંકને રાય બનાવે;
સુખ હરતા-દુખ હરતા-જગકરતા-કરો કંઈ મેહેર-આહા.
રાજ્ય સુખના ભોગીતે, પડયા જંગલ ઠામ;
અસત્યનો બદલો આવીઓ, ને થયું વળી બદનામ.
મુજ પતીના અઘોર કૃત્યોની, લાયેક શીક્ષા આપી છે તેં;
પણ હવે તું-માફ કર તું-દીન પ્રભુ તું-કરી કાંઈ મેહેર.
હવે પ્રભુ હમ ઉપરે, લાવો જરા કાંઈ મે'ર;
ગર્ભવંતીને સત્યવંતી છું, કર અબળાની દુર કેર.

ડોસીમાજી— ૪

હાલરડું વાહાલું કુંવરને હાલરડું વાહાલું—ટેક
રોરો નહીં તું કરને ભાઈ, હીંચોળું તનડું—કુંવર.
શાંત થઈ તું સુઈ જાને, ખુશી થાએ મનડું—કુંવર.
કજીઓ કરીશ તો બાઉ આવશે, કડશે તુજ કનડું--કુંવર

૫

મોહનેની સ્ત્રી—

સુઈજા સુઈજા મારા લાડકવાયા બાલુડા (૧)
હાઆઆલો.-સુઇજા-પ્રેમે ગાઉં હાલરડાં તુને વીર.
ફુલાવુ ઝુલાવુ ખમ્મા બાલુડાં.-હાઆઆલો—સુઈ
ભાઇતો મારો એવો ડાયો, કે પાટે બેસી નાયો.
પાટલો રે ગયો ખસી ભાઇ તો ઉઠયો હસી—સુઈ

૬

સતસુંદરી—

હુ જળ ભરવાને જાવું—ટેક
રૂમક ઝુમક કરતી હું ચાલું. ખાઇ પીને વ્રત સાચવું—હું.
સાથે નથી કોઈ સાહેલી સંગે, માટે ઝટપટ જઇ આવું-હું

૭

દીલંગખાં—

મેં પ ાારી પીછે લાગું—ટેક.
એકાંતમેં જાકે મેં બાઝું, પ્યાર મુજપે માગું— મેં
ફી, તાએ એ હોએગી નહીં તો, બદનામ કરને રાગુ-મેં

દીલગખાં—

૮

ચસ્મે કાતિલ દિવાના હે, તે ગે અંશુકા જખમી હે;
માશુકકા હાથ ઝુલ્ફ મેં, રૂહકી ખુબ ખુવારી હે.—ચ.
અરે જાની દીલ ચાહતા હે, ગમ તો દીલ બુડાતા હે.
ધમ બુરદનમે તેઝ હે, કયું આશકકા એ પૈસા હે.-ચ.
નાઝીક દીલ મે યે કયા હે, તરસાના કયા કુચ અછા હે
અદાકા એ લતીફા હે, બીઆના જાની મેં હયા હે-ચ.

શરાબે ઇશ્ક ખુરદનમેં, કારી જખ્મ સીનામેં હે.
સના ગુઝરાન સીનામેં હે, કયા કુચ તીરબી મારીહે—ચ.
આશકોકું સતાનાચે, કયા કુચ્છ જાની અચ્છા હે.
ગુલગુન રૂખ લપટાતા હે, અરે જાની તું બોસા દે. ચ.

સતસુંદરી-- ૯

ચુપ દુર રહે એ ચંડાળ—ટેક
અરે જા-દુર ય -છેડના-અબળા—ચુપ (મારે—અ.
જાણ્યો જાણ્યો મેં વીચારજ તારો. એવાં કર્મથી મોતજ
એવી નારીઓને છે ધીક, ધર્મ છોડી જે ત્યાગે શીઝ--અ.
આમનો સુરજ આમજો ઉગશે, તોએ આ શીગળ નહી ચળશે
—અરેજા
વધુજો મુખથી બોલસે બોલ. તો તારો નહીં રહેશે તોલ-અ.
મુને સતાવે છે શું કરવા, નાહક શીદ મથે છે મરવા-અ.
ઇશ્વર સાહાય કર તું મુજને, શુભ મતી દે તું આ ભુજને—અ.

શતસુંદરી ૧૦

મારી જુઠી ઇજ્જત લીધી,અહો દીનાનાથ પ્રભુજી સા'ય.
આ પરવીમાં ફીટ ફીટ કીધી, ”
મુસલમીન જાત શુ પરણી જાય, તેથી ઝેર પી મરવુ. પ્રભુ.
આવું ખોટું આળ જો સીર ધરાય, ”
પ્રભુ તારે શરણે આવી હું. માટે થા ઇશ મદદ મુને તું.
છું અબળા જાતી બાળા હું, ”
જો નહીં થશે સા'ય મુજને તું, તો પ્રભુ પ્રાણ કાઢીશ હું
જો નહીંલાવીશ દયા નાથ તું ”

૧૧

બેચાર માણશો—જુઓ જુઓ નાક કાન કટેટો,
બધા—છે લઠઠો,
એક જણ—ધરાકમાએ, બુરો થયો છે,
બીજો—જુઠું બોલી કીધો સટ્ટો.
બધા—ધીઃક ધીઃક ધિક્કાર ફીટ ફીટ ફીટકાર
કીલંગાખા—અછ અરરર બસ (૨)
બેચાર છોકરાઓ—બોલો બે બંદર,
બાજા બેચાર—અરે ગીલંડર,
કીલંગાખા—હાય બેશ કીયા ધીઃકાર
બધા—ફીટ ફીટ ફીટકાર, ધીઃક ધીઃક ધીઃકકાર;
કીલંગાખા—અછ અરરર બસ. (૨)-જુઓ.

૧૨

કીલંગાખા--
કીસ્મતમેં કયા હુઈ મેરી, લીઈ શીક્ષા જુઠ બંબેરી—ટેક
આંધી છોડકે આખીકું, પકડને જો જાય
ઉસકા મનખા ધીઃક ધીઃક, ઓર આખી બી ખોવાય.
હમેરી અબ એ ઠેરી, સમાલો સબ અબ ફેરી-દરા.

૧૩

આખો દરબાર-
ભલે બીરાજો મહારાજ ધરી તાજ શીરપર આજરે.
પ્રધાન-દિવાળી મ્હોત્સવ ગણો આજે,

બધા-થાઓ રાજનનો જય,
થાઓ તમારા પાપી દુશ્મનનો સર્વ સ્થલેથી ક્ષય--ભલે
મોહન અને ચંદ્ર--
એટલી સીખ હૈયે તમ ધરવી; સત્યે ચલાવો રાજકારભાર
સત્યશિંહ—બહુ શીખ સારી, કીધો આભારી
બધા—શી બલીહારી અમ સરદાર.—ભલે.
આખી દરબાર— ૧૪
થયા છોરે સત્યસિંહ પ્રજાપતી, કમ ચિત્ત ખુશ આજે.
સત્યસિંહ છે નામજ જેવું, કરજો તેવા કામ,
રઈયતપર—રાખી નજર—ચાલો મતપર-
રઈયતને હાલી જુલ્મ ન દેશો તો કીરતી ગાજે--થયાં
કંચનીઓ-- ૧૫
આજે આનંદ થયો આનંદ આનંદ વર્તી રહયો
ખુબ જામી રહયો. આજે આનંદ
ધન્ય ઘડી આજે આનંદકારી
ચંદ્રસેને કીરતી વધારી. આજે આનંદ.
સત્યના બેલીએ લીધા ઉગારી,
કર જોડી પ્રભુ નમીએ મોરારી, આજે આનંદ.
આનંદ થયા છે સઉ દરબારી,
વિદેશ જઈ સારી કીર્તી વધારી આજે આનંદ.
સંકટ દુર કરો અંતર જામી,
કરીયે સ્તુતી હમો શીસ નામી આજે આનંદ

સમાપ્ત.